ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# અંધજન શિક્ષણ મંડળની શાળા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું



સુરત : અંધજન શિક્ષણ મંડળ સુરત સંચાલિત અંધજન શાળામાં તારીખ 3/4/2025 ના રોજ જીવન ભારતી રંગ ભવન ખાતે કૃષ્ણ ભગવાનના થીમ પર વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે કેપી ગ્રુપના ફાઉન્ડર ચેરમેન-એમડી ડો. ફારુક જી પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. ડો. ફારુકે કહ્યું હતું કે, આજે સારા-નરસા લોકો નાસીપાસ થઈ રહ્યાં છે ત્યારે પ્રજ્ઞાચક્ષુ બાળકો કિસ્મતને દોષ દેવાને બદલે ભણીને અને સ્કીલ શીખીને પગભર થઈ કોઈના પરની ડિપેન્ડન્સી દુર કરી રહ્યાં છે ,જે બાબત આપણને મોટિવેશન આપી જાય છે. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમાર, શિક્ષણ નિરીક્ષક હિમાંશુભાઇ બારોટ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનનું સ્વાગત સંસ્થાના પ્રમુખ આનંદભાઈ ચોખાવાળાએ કર્યું હતું. મુખ્ય મહેમાનનો પરિચય ઉપપ્રમુખ જયંતભાઇ ચોકસીએ આપ્યો હતો. શાળાના આચાર્ય મનિષાબેન ગજ્જર દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.